# કેસર કેરી રૂ. ૧૦૦ની કિલો મંગળવાર બાદ ભાવ ઘટશે

## તાલાલા (ગીર) ધારી સહિતના પંથકોમાંથી હવે ધોમ આવક થશે ત્યારબાદ ભાવમાં ઘટાડો આવવાની સંભાવના

ગાંધીનગર, તા.૩

કેરીનું નામ સાંભળતાની સાથે જ સર્વે કોઈના મોમાં પાણી આવવા લાગે છે અને કેરી ખાવાની ઈચ્છા થઈ જાય પરંતુ હાલમાં કેસર કેરીનો ભાવ રૂ. ૧૦૦ હોવાથી કેસર કેરીની મજા મધ્યમ અને ગરીબ પરિવાર લઈ શકતા નથી.



પરંતુ આગામી મંગળવારથી તાલાલા (ગીર) કે જયાં કેર કેરીની હરરાજી કરવામાં આવે છે અને ત્યાંથી વેચાણનો પ્રારંભ કરવામાં આવે છે ત્યાં આગામી મંગળવારથી કેસર કેરીની હરરાજીનો પ્રારંભ થશે અને ત્યારબાદ કેરીનો ભાવ ઘટાડો થશે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાની આવાસ યોજનામાં ૪૦ અરજદારોએ ડીપોઝીટ પરત લીધી

## ૧૧૨૦ મકાનના ડ્રો પછી ૧૨૩ની પ્રતિક્ષા યાદી

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર શહેરી સત્તા વિકાસ મંડળ દ્વારા રાયસણ, અડાલજ અને ચિલોડામાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. અગાઉ ૧૧૨૦ મકાનો ડ્રો પદ્ધતિથી ફાળવવામાં આવ્યા છે. આ પૈકી અંદાજીત ૪૦ અરજદારોએ ડીપોઝીટ પરત મેળવી લીધી છે. જયારે હાલ ૧૨૩ લાભાર્થીઓ -તિક્ષા યાદીમાં સામેલ છે.

ગુડા દ્વારા રાયસણ, ચિલોડા અને અડાલજમાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસોનું નિર્માણકાર્ય હાથ ધરવામાં આવ્યું છે. શુભ-લાભ આવાસ યોજના અન્વયે વાર્ષિક અઢી લાખ સુધીની આવક ધરાવતા લાભાર્થીઓને ૩૬ ચો.મી નું મકાન ફાળવવામાં આવનાર છે. આવાસ યોજનાને લઈ ગુડા દ્વારા લીફ્ટ અને બગીચા સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવનાર છે. આવાસ યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. આગામી સપ્ટેમ્બર મહિના સુધીમાં આ યોજનાનું કામ પૂર્ણ કરી લાભાર્થીઓને મકાનનો કબજો સોંપી દેવા પણ આયોજન કરી દેવાયું છે. ટૂંક સમયમાં જ પ્રથમ હપ્તો ચૂકવી દેનાર લાભાર્થીઓને એલોટમેન્ટ લેટર આપી દેવાશે. બીજી તરફ ડ્રો માં ફાળવવામાં આવેલ ૧૧૨૦ મકાનો પૈકી ૪૦ લાભાર્થીઓએ અસંમતી દાખવી અગાઉ ભરેલી ડીપોઝીટ પરત મેળવવા અરજી કરી છે. વધુમાં આવાસ યોજના અન્વયે હજુ ૧૨૩ લાભાર્થીઓ પ્રતિક્ષા યાદીમાં છે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આવાસ યોજનાનું કામ ઝડપભેર પૂર્ણ કરવા આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આ યોજનાના લાભાર્થીઓને ગેસ લાઈનની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

# ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગમાં મતદાનની ટકાવારી

| મતદાન મથક નંબર | અને નામ | ટકાવારી | મતદાન મથક નંબર | અને નામ | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ઉનાવા-૧ | ૬૮.૮૦ | ૪૯ | પેથાપુર-૧૨ | ૬૭.૨૫ |
| ૨ | ઉનાવા-૨ | ૫૬.૧૦ | ૫૦ | પેથાપુર-૧૩ | ૬૭.૩૧ |
| ૩ | ઉનાવા-૩ | ૬૧.૨૮ | ૫૧ | પેથાપુર-૧૪ | ૬૪.૭૨ |
| ૪ | ઉનાવા-૪ | ૫૬.૬૩ | ૫૨ | પેથાપુર-૧૫ (ફતેપુરા) | ૬૭.૭૫ |
| ૫ | ઉનાવા-૫ | ૫૫.૫૦ | ૫૩ | કોલવડા-૧ | ૫૫.૯૦ |
| ૬ | ઉનાવા-૬ | ૬૨.૨૦ | ૫૪ | કોલવડા-૨ | ૫૪.૫૭ |
| ૭ | પીંઢારડા-૧ | ૫૫.૬૩ | ૫૫ | કોલવડા-૩ | ૫૫.૦૧ |
| ૮ | પીંઢારડા-૨ | ૬૨.૬૬ | ૫૬ | કોલવડા-૪ | ૫૧.૩૭ |
| ૯ | પીપલજ-૧ | ૬૨.૦૯ | ૫૭ | કોલવડા-૫ | ૫૭.૭૭ |
| ૧૦ | પીપલજ-૨ | ૫૨.૬૨ | ૫૮ | કોલવડા-૬ | ૬૧.૪૧ |
| ૧૧ | પીપલજ-૩ | ૪૭.૩૪ | ૫૯ | કોલવડા-૭ | ૬૯.૧૦ |
| ૧૨ | વાસન-૧ | ૫૪.૩૪ | ૬૦ | કોલવડા-૮ | ૬૩.૨૩ |
| ૧૩ | વાસન-૨ | ૪૮.૩૯ | ૬૧ | કોલવડા-૯ | ૬૭.૪૦ |
| ૧૪ | વાસન-૩ | ૪૪.૧૨ | ૬૨ | કોલવડા-૧૦ | ૬૯.૫૫ |
| ૧૫ | રૂપાલ-૧ | ૬૬.૧૨ | ૬૩ | જલુંદ-૧ | ૫૮.૨૮ |
| ૧૬ | રૂપાલ-૨ | ૭૦.૮૫ | ૬૪ | જલુંદ-૨ | ૬૧.૮૧ |
| ૧૭ | રૂપાલ-૩ | ૭૦.૮૮ | ૬૫ | આદરજ મોટી-૧ | ૪૬.૬૮ |
| ૧૮ | રૂપાલ-૪ | ૭૦.૫૬ | ૬૬ | આદરજ મોટી-૨ | ૬૬.૪૪ |
| ૧૯ | રૂપાલ-૫ | ૬૦.૮૬ | ૬૭ | આદરજ મોટી-૩ | ૬૩.૪૨ |
| ૨૦ | રાંધેજા-૧ | ૬૬.૯૮ | ૬૮ | આદરજ મોટી-૪ | ૭૭.૯૮ |
| ૨૧ | રાંધેજા-૨ | ૬૮.૭૦ | ૬૯ | આદરજ મોટી-૫ | ૭૧.૫૧ |
| ૨૨ | રાંધેજા-૩ | ૬૧.૬૬ | ૭૦ | આદરજ મોટી-૬ | ૭૦.૯૩ |
| ૨૩ | રાંધેજા-૪ | ૭૧.૯૪ | ૭૧ | આદરજ મોટી-૭ | ૬૪.૯૦ |
| ૨૪ | રાંધેજા-૫ | ૬૨.૭૨ | ૭૨ | વાવોલ-૧ | ૬૪.૪૪ |
| ૨૫ | રાંધેજા-૬ | ૬૪.૪૧ | ૭૩ | વાવોલ-૨ | ૬૨.૫૯ |
| ૨૬ | રાંધેજા-૭ | ૬૮.૦૨ | ૭૪ | વાવોલ-૩ | ૬૪.૫૦ |
| ૨૭ | રાંધેજા-૮ | ૬૮.૫૦ | ૭૫ | વાવોલ-૪ | ૬૩.૩૦ |
| ૨૮ | રાંધેજા-૯ | ૭૨.૦૬ | ૭૬ | વાવોલ-૫ | ૬૦.૪૦ |
| ૨૯ | રાંધેજા-૧૦ | ૬૨.૯૦ | ૭૭ | વાવોલ-૬ | ૫૯.૯૬ |
| ૩૦ | સરઢવ-૧ | ૬૨.૫૫ | ૭૮ | વાવોલ-૭ | ૬૪.૭૪ |
| ૩૧ | સરઢવ-૨ | ૬૭.૫૮ | ૭૯ | વાવોલ-૮ | ૫૮.૦૨ |
| ૩૨ | સરઢવ-૩ | ૬૭.૪૮ | ૮૦ | વાવોલ-૯ | ૬૩.૬૮ |
| ૩૩ | સરઢવ-૪ | ૬૪.૦૬ | ૮૧ | ગાંધીનગર-૧, સે.૧ | ૬૯.૩૩ |
| ૩૪ | સરઢવ-૫ | ૫૩.૫૦ | ૮૨ | ગાંધીનગર-૨, સે.૨ | ૬૮.૦૫ |
| ૩૫ | સરઢવ-૬ | ૬૧.૬૬ | ૮૩ | ગાંધીનગર-૩, સે.૨ | ૬૩.૬૨ |
| ૩૬ | સોનીપુર-૧ | ૬૬.૬૭ | ૮૪ | ગાંધીનગર-૪, સે.૨ | ૬૩.૬૦ |
| ૩૭ | સોનીપુર-૨ | ૬૬.૦૪ | ૮૫ | ગાંધીનગર-૫, સે.૨ | ૬૮.૦૩ |
| ૩૮ | પેથાપુર-૧ | ૬૨.૮૨ | ૮૬ | ગાંધીનગર-૬, સે.૨ | ૬૪.૧૬ |
| ૩૯ | પેથાપુર-૨ | ૫૫.૬૦ | ૮૭ | ગાંધીનગર-૭, સે.૨ | ૬૪.૫૩ |
| ૪૦ | પેથાપુર-૩ | ૬૩.૮૦ | ૮૮ | ગાંધીનગર-૮, સે.૨ | ૬૪.૦૭ |
| ૪૧ | પેથાપુર-૪ | ૫૮.૫૨ | ૮૯ | ગાંધીનગર-૯, સે.૨ | ૬૫.૬૮ |
| ૪૨ | પેથાપુર-૫ | ૫૬.૫૨ | ૯૦ | ગાંધીનગર-૧૦, સે.૨ | ૭૦.૬૧ |
| ૪૩ | પેથાપુર-૬ | ૫૭.૭૦ | ૯૧ | ગાંધીનગર-૧૧, સે. ૩ | ૬૭.૧૭ |
| ૪૪ | પેથાપુર-૭ | ૬૧.૯૦ | ૯૨ | ગાંધીનગર-૧૨, સે. ૩ | ૬૪.૭૭ |
| ૪૫ | પેથાપુર-૮ | ૬૬.૧૬ | ૯૩ | ગાંધીનગર-૧૩, સે. ૩ | ૫૮.૫૫ |
| ૪૬ | પેથાપુર-૯ | ૬૭.૪૬ | ૯૪ | ગાંધીનગર-૧૪, સે. ૩ | ૬૭.૬૪ |
| ૪૭ | પેથાપુર-૧૦ | ૬૪.૫૪ | ૯૫ | ગાંધીનગર-૧૫, સે. ૩ | ૬૮.૦૭ |
| ૪૮ | પેથાપુર-૧૧ | ૭૪.૦૧ | | | |

● અનુસંધાન પાન-૭ પર

# ઘ-૪ સર્કલની બીજી બાજુ પણ ટ્રાફિક આઈલેન્ડ બનાવાશે

## પ્રાયોગિક આઈલેન્ડને લીધે ટ્રાફિકની અવરજવર સરળ બની હોવાનું ધ્યાને આવતા નિર્ણય લેવાયો

ગાંધીનગર,તા.૩

શહેરના મધ્ય વિસ્તારમાં આકાર લેતી સ્વર્ણિમ પાર્કની યોજનાને લઈ ઘ-૪ સર્કલ આસપાસના માર્ગો પર ટ્રાફિકની સમસ્યા સિરદર્દ સમાન બની ગઈ હતી.જેના લીધે તંત્ર દ્વારા આ વિસ્તારમાં ટ્રાફિક મેનેજમેન્ટ યોગ્ય રીતે થાય તે માટે -ાયોગિક ધોરણે આઈલેન્ડ બનાવાયો છે. જયારે હવે સર્કલની બીજી તરફ પણ આ પ્રકારનો આઈલેન્ડ બનાવાશે.

સ્વર્ણિમ પાર્કની યોજનાને અનુલક્ષી પ્રથમ તબક્કામાં ગ-૪ થી ઘ-૪ વચ્ચે કામ હાથ ધરાયું હતું. જયારે હાલ ઘ-૪ થી ચ-૪ વચ્ચે આ કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ તબક્કે મધ્યમાં સ્થિત ઘ-૪ ના વિશાળકાય સર્કલના લીધે આસપાસ ટ્રાફિકની સમસ્યા કેટલાક સમયથી જટિલ બની છે. નજીકમાં જ સ્થિત ઉદ્યોગ ભવન, ટાઉનહોલ સહિતની અન્ય કચેરીઓના લીધે દિવસ દરમ્યાન આ વિસ્તારમાં ટ્રાફિકનો ધમધમાટ વિશેષ જોવા મળે છે. આવા સંજોગોમાં ઘ-માર્ગથી સર્વિસ રોડ જવા માટે વાહનચાલકો રોંગ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)


## સેલ્સ ગર્લ જોઈએ છે

ભારતમાં પ્રથમ વખત બનેલા ઈસબગુલ કેપસુલના વેચાણ માટે શ્રી ઝુલેલાલ-સાંઈબાબા મંદિર ખાતે સેલ્સ-ગર્લ જોઈએ છે.

સંપર્ક : શ્રી ઝુલેલાલ - સાંઈબાબા મંદિર
સેક્ટર-૩૦ (બપોરે :૨-૦૦ થી ૫-૦૦ દરમિયાન)
મો. ૯૮૨૪૦ ૫૬૯૬૨ (ઓ) ૦૭૯-૨૩૨૬૧૬૪૮



## WANTED

Applications invited for the posts of Subject teachers for Mathematics, Science, Social Studies (S.S.) and Computer (BCA, MCA or equivalent). The applicant should be minimum graduate in respective faculties along with B.Ed., Application shoul reach to the Director, Tapovan Vatsalyadham, English Medium (G.S.E.B.) Boys' school, At-Amiyapur, Post - Sughad, Dist. Gandhinagar. Email : vatsalyadham@gmail.com latest by 15 may '14, Salary negotiable on the basis of experience and merit.


# શહેરના ગ-માર્ગને ચકાચક બનાવવાનું કામ બે દિવસમાં શરૂ

## પાંચ વર્ષના અંતે ગ-માર્ગનું નવીનીકરણ હાથ ધરાશે

ગાંધીનગર,તા.૩

શહેરમાં માર્ગ નવીનીકરણના વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. સે.૨૦ થી ૩૦ ના આંતરિક રસ્તાઓનું કામ પણ લાંબા સમય બાદ પુનઃ શરુ કરી દેવાયું છે. જયારે હવે ગ-માર્ગનું પણ નવીનીકરણ હાથ ધરાશે. ગ-માર્ગના નવીનીકરણ પાછળ રૂ.૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

શહેરમાં રોડ નેટવર્કની સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. સે.૧ થી ૫ ના આંતરિક રસ્તાઓની કામગીરી બાદ હાલ સે.૨૦ થી ૩૦ ના આંતરિક માર્ગોનું કામ પણ શરુ કરી દેવાયું છે. જો કે જુના સેક્ટરોમાં માર્ગ સુધારણાનું કામ દોઢ મહિનાથી બંધ રહ્યું હતું. શહેરમાં વિવિધ રસ્તાઓને ચકાચક બનાવવા રૂ.૩૬ કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. જે અન્વયે જી.ઈ.બી થી સ્મશાન તરફના રસ્તાનું પણ કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. જયારે આગામી દિવસોમાં અન્ય બાકી રહેતા માર્ગોને પણ નવીનીકરણ હેઠળ

● અનુસંધાન પાન-૭ પર

# બીયરની પેટીઓ સાથે પકડાયેલો અડાલજનો પોલીસ કોન્સ્ટેબલ સસ્પેન્ડ થશે

## ગાંધીનગર રેન્જ બહાર ટ્રાન્સફર કરીને સસ્પેન્શન ઓર્ડર જારી કરાશે : રતનપુર બોર્ડર પરથી ૩.૫૪ લાખના મુદ્દામાલ સાથે પોલીસ કોન્સ્ટેબલ સહિત ત્રણની ધરપકડ થઈ હતી

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર જીલ્લાના અડાલજ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતો એક કોન્સ્ટેબલ રતનપુર બોર્ડર ચેક પોસ્ટ પર ચેકિંગ દરમ્યાન બીયરના જથ્થા સાથે પકડાઈ ગયો હતો. કોન્સ્ટેબલની શામળાજી પોલીસે ૨૦ પેટી બીયરના જથ્થા સહીત રૂ.૩.૫૪ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી છે.તેની સાથે બીજા બે માણસો પણ હતા. પોલીસે ત્રણેયની ધરપકડ કરીને માલ ક્યાંથી લાવ્યા હતા અને ક્યાં લઈ જવી રહ્યો હતો તેની તપાસ શરુ કરતા બહાર આવ્યું છે કે કોન્સ્ટેબલ લેકાવાડાના કોઈ બુટલેગર માટે કામ કરતો હતો. ગાંધીનગર ડી.એસ.પી શરદ સિંઘલના જણાવ્યામુજબ કોન્સ્ટેબલની ગાંધીનગર રેન્જ બહાર બદલી કરીને સસ્પેન્શન ઓર્ડર જારી કરવામાં આવશે.

શામળાજી પોલીસ ગઈ કાલે બપોરે ૩ વાગ્યાના અરસામાં રતનપુર બોર્ડરે ચેક પોસ્ટ પર ચેકીંગમાં હતી.તે દરમ્યાન જી.જે.૧૮ એ.એચ ૩૯૦૯ નંબર ની નીકળેલી સ્વીફ્ટ ગાડીનું ચેકિંગ કરતા તેમાંથી ૨૦ પેટી (૪૮૦ નંગ)

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી 'ક' રોડ, જીઆઈડીસી, ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૩. ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮

## જાહેર નોટીસ

આથી મધુર ડેરીના માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, તા. ૪-૫-૨૦૧૪ના સવારથી અમલમાં આવે તે રીતે મધુર દૂધના પાઉચ પેકના મહત્તમ વેચાણ ભાવ નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| ક્રમ | દૂધનો પ્રકાર | પ્રતિ પાઉચનો ભાવ (રૂ.) |
|---|---|---|
| ૧ | મધુર ટોન્ડ (તાજા) દૂધ ૫૦૦ મિલિ. | ૧૭-૦૦ |
| ૨ | મધુર ટોન્ડ (તાજા) દૂધ ૨૦૦ મિલિ. | ૭-૦૦ |
| ૩ | મધુર સ્ટાન્ડર્ડ (શક્તિ) દૂધ ૫૦૦ મિલિ. | ૨૧-૦૦ |
| ૪ | મધુર ફુલક્રીમ (ગોલ્ડ) દૂધ ૫૦૦ મિલિ | ૨૩-૦૦ |
| ૫ | મધુર ગાયનું દૂધ ૫૦૦ મિલિ. | ૧૯-૦૦ |
| ૬ | મધુર ટી સ્પેશ્યલ દૂધ ૧ લિટર | ૪૨-૦૦ |

ઉપરોક્ત ફેરફાર થયેલ દૂધ વેચાણ ભાવને કારણે પાઉચ ઉપર છાપેલ ભાવ આથી રદ થાય છે. ઉપરોક્ત પેકીંગમાં જ્યા સુધી જુના વેચાણ ભાવ છપાયેલા પાઉચ ફિલ્મનો સ્ટોક હશે ત્યાં સુધી તેનો ઉપયોગ કરવામાં આવશે. જેની સર્વે માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી છે.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી


## જાહેર આભાર

૫-સાબરકાંઠા લોકસભા બેઠકની ચૂંટણીનું તા.૩૦/૦૪/૨૦૧૪ના રોજ મતદાન થયું છે. જેમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના મતદારોએ અભૂતપૂર્વ રીતે મતદાન કરીને ઈતિહાસ રચ્યો છે. જેથી વધુ મતદાન કરાવવામાં સહયોગ આપનાર પ્રદેશ, જિલ્લાના પદાધિકારીઓ, પક્ષના કાર્યકરો, ટેકેદારો, સહકારી સંસ્થાઓના ચેરમેનો, સભ્યો, સરપંચો સહિત મહિલા અને યુવા વર્ગે જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપ્યો છે. તો સૌનો ઉપરાંત બન્ને જિલ્લાના તમામ મતદારોનો હું આ તબક્કે અંતઃકરણ પુર્વક આભાર માનુ છું. ભવિષ્યમાં પણ જરૂર પડે આવોજ સહયોગ મળી રહેશે તેવી અપેક્ષા રાખુ છું.

લિ.
દિપસિંહજી શંકરસિંહજી રાઠોડ
૫- સાબરકાંઠા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર



ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯



SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre) Gandhinagar District

VINAYAK 500 TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી :